ક્રિ. કે. નં. ૨૧૦/૨૦૨૬.

ભીલાડ પો.સ્ટે. એફ.આઈ.આર. નં. ૧૧૨૦૦૦૦૭૨૬૦૮૦૮/૨૦૨૬ થી ભારતીય ન્યાય સંહીતાની કલમ–૩૧૮(૪),૬૧(૧) તથા આઈ.ટી. એકટ ની કલમ– ૬૬ (સી), ૬૬(ડી) ના કામે અરજદાર અશ્વિનભાઈ ધીરૂભાઈ પટેલ ની મુદ્દામાલ રોકડા પૈસા પરત મેળવવાની મુદ્દામાલ અરજી લગત હુકમ :–

---

(૧)... અરજદારે હાલ ની અરજી આપી જણાવેલ છે કે, ભીલાડ પો.સ્ટે. ના ઉપરોકત ગુના રજીસ્ટર ના કામે મુદ્દામાલ રોકડા પૈસા રૂા. ૯૫,૦૦૦/– છે તે અરજદાર ની પોતાની માલીકી વાળી છે. જે હાલ માં ઉપરોકત ગુના ના કામે પકડવામાં આવેલ મુદ્દામાલ તરીકે જમા લીધેલ છે. અને સદર મુદ્દામાલ અરજદારના ખાતામાંથી સાઈબર ફ્રોડ કરીને લેવામાં આવેલા છે અને આર્થિક નુકશાની થાય તેવા સંજોગો માં સદર મુદ્દામાલ પરત આપવા માંગણી કરેલ છે.

(૨)... અરજદારની સદર અરજી અન્વયે અરજદારના વિ. વકીલશ્રી. સી.એચ. શાહ નાં ઓને સાંભળવામાં આવેલ છે. જેઓ તેમની દલીલમાં જણાવેલ છે કે હાલના કામે અરજદાર પોતે ફરીયાદી છે અને તેઓના બેંક ખાતામાંથી આરોપીએ સાઈબર ફ્રોડ કરેલ અને તેની ફરીયાદ આપતા હાલના કામના પૈસા આરોપીની પાસેથી કબજે કરવામાં આવેલા છે. અને સદર મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં પડી રહેવાથી તેઓને નુકસાન થઈ રહેલ છે. અને આથી મુદ્દામાલ અરજદારને પરત સોંપવાની અરજ કરેલી છે. વધુમાં આ કામે એ.પી.પી.શ્રી ના ઓ તરફે શેરો કરવામાં આવેલ છે તથા અભિપ્રાય વંચાણે લેવામાં આવેલ છે.

(૩)... આ કામે અરજદાર તરફે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૯૭ મુજબ મુદ્દામાલ વચગાળાની કસ્ટડી માટે પરત લેવા માટે હાલની અરજી અરજદાર તરફે કરવામાં આવેલ છે. વધુમાં આ અરજીના કામે અરજદાર તરફે પૈસા તેઓની માલીકી ના હોવાનું પુરવાર અરજદાર નાંઓ કરવાનું રહે છે. વધુમાં હાલના કામે અરજદાર પોતે ફરીયાદી છે અને તેઓના ખાતમાંથી

હાલનું સાઈબર ફ્રોડ થયેલ હોવાનું અને તે સાઈબર ફ્રોડ થકી આરોપીના ખાતામાં ફરીયાદીના ખાતામાંથી પૈસા લઈ લીધેલા હોવાનું હાલના તબકકે જણાય આવે છે.

(૪)... આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતે સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ. ગુજરાત રાજ્ય, એ. આઈ. આર. ૨૦૦૩ એસ.સી. ૬૩૮ માં નામદાર સુપ્રિમકોર્ટ ધ્વારા ઠરાવ્યા પ્રમાણે મુદ્દામાલ અરજીનો નિકાલ ત્વરીતપણે કરવો જોઈએ તે જરૂરી છે અને બને ત્યાં સુધી મુદ્દામાલ લાંબો સમય બીન ઉપયોગી પડી રહેવાથી તેને નુકશાન થાય તેવું હોય તો મુદ્દામાલને કેસ પુરો ન થાય ત્યાં સુધી પોલીસ સ્ટેશનમાં અનામત રાખવાનો કોઈ અર્થ નથી અને યોગ્ય શરતોને આધીન મુદ્દામાલના માલીકને મુદ્દામાલ પરત કરવો જોઈએ. વધુમાં મુદ્દામાલ પૈસા હોય તો તે તે ફરીયાદીને જરૂરી પંચનામુ કરીને પરત કરી શકાય તેવુ નોંધવામાં આવેલ છે. આમ, નામદાર સુપ્રિમ અદાલતે પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતને ધ્યાનમાં રાખી આ અરજીના તમામ કાગળો ધ્યાનમાં રાખી તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૪૯૭, ની જોગવાઈઓ ધ્યાને રાખી જામીન આપ્યે થી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે તો તે વ્યાજબી, ન્યાયી અને ઉચિત જણાશે. જેથી આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧)... આ કામના અરજદાર ની હાલ ની મુદ્દામાલ પરત લેવાની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨)... ભીલાડ પો.સ્ટે. એફ.આઈ.આર. નં. ૧૧૨૦૦૦૦૭૨૬૦૮૦૮/૨૦૨૬ થી ભારતીય ન્યાય સંહીતાની કલમ-૩૧૮(૪),૬૧(૧) તથા આઈ.ટી. એકટ ની કલમ-૬૬ (સી), ૬૬(ડી) ના કામે કબજે કરવામાં આવેલ રોકડા રૂપિયા ૯૫,૦૦૦/- અંકે રૂપિયા પંચાણુ હજાર પુરા છે તે અરજદારે મુદ્દામાલ પાવતીની કીંમતના દોઢી રકમના

A K DABHI
13/03/2026

સધ્ધર જામીન તથા તેટલી જ રકમ નો જાત મુચરકો કરી આપ્યે થી સદર મુદ્દામાલ અરજદારને નીચેની શરતોને આધીન વચ્ચગાળાની કસ્ટડીના સ્વરૂપે અરજદારને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>-:: શરતો ::-</u>**

(૧)... અરજદારે મુદ્દામાલ નામદાર કાર્ટ જયારે અને જયાં ફરમાવે ત્યારે અને ત્યાં રજુ કરવાનો રહેશે.

(૨)... અરજદારે મુદ્દામાલની સંભાળ લેવી અને તેના સ્વરૂપ માં કોઈ ફેરફાર કરવો નહી.

(૩)... સદરહુ મુદ્દામાલનો ઉપયોગ ગુનાહિત કૃત્ય માં કરવો નહી.

(૪)... અરજદારે સદર મુદ્દામાલ કોઈને બક્ષીસ આપવુ નહી, કે અન્ય કોઈ પણ રીતે તબદીલ કરવુ નહી.

(૫)... બોન્ડ તથા જામીન પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. સમક્ષ રજુ કરવા.

(૬)... હુકમ અનુસાર મુદ્દામાલ પરત સોંપતી વખતે જવાબદાર પોલીસ અધિકારીશ્રીએ અરજદારની ઓળખાણની ખાતરી કરી ખરાઈ કરી રોકડા પૈસાનું વિગતારનુ પંચનામુ કરી વીડીયોગ્રાફી અને ફોટોગ્રાફી કર્યા બાદ જ પરત સોંપવો. સદર વીડીયોગ્રાફી અને ફોટોગ્રાફીનો તમામ ખર્ચ ફરીયાદી/અરજદારે ભોગવવાનો રહેશે. તથા સદર વીડીયોગ્રાફી અને ફોટોગ્રાફીનું અસલ ઈલેકટ્રોનીક રેકર્ડ રીપોર્ટ સાથે અત્રેની અદાલતમાં રજુ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૭)... મુદ્દામાલ હુકમ અનુસાર અરજદારને સોંપવા અંગેનો વિગતવારનો રીપોર્ટ આ હુકમની એક પ્રત જરૂરી બોન્ડ ચાર્જશીટના કાગળો સાથે રજુ રાખવા.

(૮)... ઉપરોકત શરતોનુ અરજદારે ચૂસ્તપણે પાલન કરવાનુ રહેશે, અને તે પૈકી કોઈ

પણ શરતનુ ભંગ થયેથી આ હુકમ આપો આપ રદ્દ થયેલો ગણાશે અને તપાસ કરનાર અમલદાર કે અધિકૃત પોલીસ અધિકારીએ તેનો સત્વરે કબજો લેવાનો રહેશે.

હુકમની શરતોની યાદી સંબંધીત પોલીસ સ્ટેશને કરવી.

સદર હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

હુકમ આજરોજ તારીખ ૧૧ મી ઓગષ્ટ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કરેલ છે.

ઉમરગામ.
તારીખ. ૧૧/૦૮/૨૦૨૬.

(અમિતકુમાર કેશવલાલ ડાભી)
એડી. સીનીયર સીવીલ જજ
અને એડી. ચીફ. જ્યુડી. મેજી.,
ઉમરગામ, જી. વલસાડ.
કોડનં. જીજે૦૧૨૮૦.

A K DABHI
13/03/2026